# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ફરી ઠંડીનો ચમકારો

## ખેડુતોમાં ખુશાલી દેખાઈ, રવી વાવેતર વિસ્તાર વધશે



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કમોસમી માવઠા પછી ઠંડી ગાયબ થઈ હતી જેના કારણે ખેડૂતો ચિંતિત બન્યા. રવી વાવેતર ઉપર સંકટ ઉભું થયું હતું પરંતુ બુધવાર સવારથી ફરીથી ઠંડીનો ચમકારો શરૂ થતાં રવી વાવેતર કરનારા ખેડૂતોમાં ખુશાલી જોવા મળી છે. આવનારા દિવસોમાં રવી વાવેતર વિસ્તાર વધશે તેવી સંભાવના વ્યકત થઈ રહી છે.

ઓછા વરસાદના કારણે કાતિલ ઠંડી પડે તો જ સારૂં રવી પાક ઉત્પાદન મેળવી શકાય તેવી સ્થિતિ ઉભી થઈ છે. જિલ્લામાં મેરેથોન ચોમાસાની ઈનીંગના કારણે રવી વાવેતરમાં વિલંબ જોવા મળ્યો. રવી વાવેતર શરૂ થયુ અને ઠંડીનું જોર વધતાં ખેડૂતોએ વાવણીમાં ધ્યાન પરોવાની શરૂઆત કરી. પરંતુ વેસ્ટર્ન ડિસ્ટબંસના કારણે કમોસમી માવઠું વરસતાં ૩ દિવસમાં માવઠાની અસર જોવા મળી કેટલાંક વિસ્તારોમાં રવી વાવેતર અને બાગાયત પાકને નુકસાન થયાની વિગતો સામે આવી છે. સાબરકાંઠા ખેતી વિભાગ દ્વારા માવઠાથી થયેલા નુકસાન અંગેનો સર્વે શરૂ કરવામાં આવ્યો છે પરંતુ માવઠા પછી ઠંડી ગાયબ થઈ ગઈ અને બપોરે ઉનાળો જામ્યો હોય તેમ તાપમાનનો પારો ઉંચકાતા રવી વાવેતર કરનાર ખેડૂતો ચિંતિત બન્યા હતા. ઠંડીનું જોર નહિ વધે તો રવી વાવેતર ઉપર ખતરો મંડરાયો હતો ત્યારે જ ગત રોજ સમીસાંજથી ફરી ઠંડીની જમાવટના અણસાર મળ્યા. બુધવાર વહેલી પરોઢે ઠંડીનો ચમકારો અનુભવાતા પ્રજા ફરીથી ગરમ વસ્ત્રોમાં લપેટાતી જોવા મળી. ઠંડીનું જોર વધ્યા પછી ઘઉં, રાયડા, જીરૂ, વરીયાળીના વાવેતરમાં વધારો થવાની સંભાવના ખેતી વિભાગે વ્યક્ત કરી છે.

### કાયદો વ્યવસ્થાની સ્થિતિ ચીથરેહાલ

# બાયડ તાલુકામાં પાંચ દિવસમાં ત્રણની હત્યાથી ખળભળાટ

### ચૂંટણી દરમિયાન નિષ્ક્રિય સ્ટાફના કારણે સ્થિતિ વણશે તેવી દહેશત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

બાયડ તાલુકામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ચીથરેહાલ બની છે. ૫ દિવસમાં ૧ મહિલા સહિત ત્રણ જણની હત્યાની ઘટનાઓ



પ્રકાશમાં આવતા જિલ્લા પોલીસ તંત્ર ઉપર પસ્તાળ પડી છે. ગ્રામ પંચાયતોની ચુંટણી દરમ્યાન નિષ્ક્રિય પોલીસના કારણે સ્થિતિ વણશે તેવી આશંકા લોકો સેવી રહ્યા છે.

જિલ્લામાં બાયડ તાલુકામાં દારૂ, જુગારની બદી વધવાની સાથે અનેક યુવાનો ડ્રગ્સના રવાડે ચડ્યાની આશંક સેવાય છે. સતત ગુનાખોરીનો ગ્રાફ ઉંચકાયો હોવાછતાં જિલ્લાનું પોલીસતંત્ર પણ નિષ્ક્રિય સ્ટાફને બદલવાને બદલે તેમને સિરપાવ આપી રહ્યું છે. બાયડ તાલુકાના પુંજાપુર ગામમાં કૌટુંબિક કાકી સામે આડા સબંધના વહેમમાં ધો.૧૧ માં ભણતા વિદ્યાર્થીની ઘાતકી હત્યા કર્યાની કાળી શાહી હજુ સૂકાઈ નથી ત્યાં બાયડ તાલુકાના હઠીપુરા ગામના તળાવના કિનારેથી મહિલા અને ૧ કિશોરની હત્યા કરાયેલી લાશ મળી આવતાં સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો છે. હઠીપુરા ગામના સીમાડામાં બે જણની હત્યા કર્યાની સનસની ખેજ વિગતો પ્રકાશમાં આવતા મોટાં લોકટોળાં અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ દોડી આવ્યા હતા. તપાસ દરમ્યાન હત્યા કરાયેલા મૃતદેહ સુરત જિલ્લાના મોટી ખીરવાણ વિસ્તારની મહિલા અને તેના દિકરાની હોવાનું જાણવા મળ્યું છે. મૃતકના વાલી-વારસો બનાવ સ્થળે દોડી આવ્યા હતા અને પોલીસ દ્વારા મહિલા અને કિશોર કે જેમની હત્યા થઈ છે તે હઠીપુરા વિસ્તારમાં ક્યારથી આવ્યા? ઘરેથી ક્યારે નીકળ્યા હતા ? ક્યાં જવા નીકળ્યા હતા ? તે વગેરેની તપાસ શરૂ કરી છે.

#### એક સાથે બે ની હત્યા, પી.એસ.આઈ.એ મોબાઈલ ઉપાડવાનું ટાળ્યું

જિલ્લાના સાઠંબા પોલીસ સ્ટેશનની હદમાં મહિલા અને તેના દિકરાની હત્યા કર્યાની વિગતો પ્રકાશમાં આવ્યા છી બાયડ તાલુકામાં કથળેલી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે અનેક સવાલ ઉભા થયા છે. જ્યારે સાઠંબા પી.એસ.આઈ.એ મામલો ગંભીર હોવા છતાં બુધવાર સવારથી કોઈના પણ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું છે. પોલીસ પોતાની નિષ્ક્રિયતા છુપાવવા હવે મીડિયાને જવાબ આપવાનું પણ ટાળતી હોય તેવી ચર્ચા છેડાઈ છે.

#### હઠીપુરા ગ્રામપંચાયતના સરપંચ પોલીસની મદદે

હઠીપુરા ગ્રામ પંચાયતના સરપંચ પ્રફુલભાઈ વાળંદએ ગામના સીમાડામાંથી મહિલા અને બાળકનો મૃતદેહ મળી આવતા તાબડતોબ પોલીસને જાણ કરવાની સાથે દિવસ દરમ્યાન ખડેપગે રહી સંભવિત તમામ મદદ પોલીસને કરી હતી.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના નદી પટમાં શક્કરટેટીની ખેતી શરૂ

### નદીઓ પ્રદુષિત બનતાં પ્રજાના આરોગ્ય ઉપર ખતરો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

શિયાળો શરૂ થયો છ ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના નદીપટમાં શક્કરટેટીની ખેતી શરૂ થઈ છે. આ વર્ષે ચોમાસા દરમ્યાન ઓછો વરસાદ અને એકપણ જળાશય છલકાયું નથી અને કેટલીક નદીઓ બે કાંઠે પણ વહી નથી. જેના કારણે બંધિયાર પાણી વધુ દુષિત જણાઈ રહ્યું છે. દર વર્ષે ઉનાળા દરમ્યાન શક્કરટેટીનું મબલક ઉત્પાદન થતું હોય છે. તલોદ, પ્રાંતિજ, ધનસુરા અને બાયડ તાલુકાના નદી પટમાં સૌથી વધારે પ્રમાણમાં વાવેતર



નદીઓ કોરીધાકોર જોવા મળી છે પરંતુ નદી પર બાંધવામાં આવેલા ચેકડેમ વિસ્તારોમાં શક્કરટેટીની ખેતી જોવા મળી છે. નદીઓ પ્રદુષિત બનતાં પ્રજાના આરોગ્ય ઉપર ખતરો તોળાઈ રહ્યો છે.

જિલ્લાની અનેક નદીઓ પ્રદુષિત હોવાના અહેવાલ છે. સાબરમતી નદી રાજ્યની સૌથી વધુ પ્રદુષિત નદીમાં સ્થાન મેળવ્યું છે. જ્યારે નદીઓમાં આ વર્ષ ઘોડાપુર જેવી સ્થિતિ જોવા મળી નથી. પછી ઉત્પાદિત શક્કરટેટી જિલ્લા ઉપરાંત અન્ય જિલ્લામાં પણ વેચાણ માટે જતી હોય છે. કેટલાંક કિસ્સાઓમાં શક્કરટેટી વાવેતર દરમ્યાન અનેક પરીવારો બાખળતાં હોય છે. પરંતુ કેટલાંક ગરીબોને રોજગારી મળતી હોવાથી તંત્ર માનસાઈ દાખવતી હોય છે.પરંતુ આ વર્ષે ઓછા વરસાદના કારણે પ્રદુષિત પાણીથી જ ઉત્પાદન થવાનું જે પ્રજાના આરોગ્ય માટે જોખમી સાબિત થાય તેવી દહેશત સેવાય છે.

# વડાલીમાં દેશી દારૂના અડ્ડા ઉપર જનતાનો હલ્લાબોલ

### જનતારેડમાં મને કમને પોલીસ જોડાઈ, ૭૫ લીટર દેશી દારૂ જપ્ત પણ દારૂનો વેપલો કરનાર ફરાર

બાયડ, તા. ૨૪

વડાલીના સિવિલ રોડ ઉપર નવાઘરોમાં રાત-દિવસ ધમધમતા દેશી દારૂના અડ્ડાથી ત્રાસી ગતરોજ જનતાએ હલ્લાબોલ કરવાનું મન બનાવતાં પોલીસ પણ મને કમને સાથે જોડાઈ હતી. પોલીસ અને પ્રજાની રેડમાં રહેણાંક મકાન નજીકની ઓરડીમાંથી ૭૫ લીટર દેશી દારૂ જપ્ત થયો પરંતુ દારૂનો વેપલો કરનાર ફરાર થઈ ગયો હતો. દેશી દારૂના દૂષણથી પ્રજાનો રોષ ચરમસીમાએ જોઈ પોલીસ પણ મને કમને રેડ કરવા મજબૂર બની હતી. બનાવ અંગે વડાલી પોલીસે ગુનો નોંધી દારૂબંધીનો દેખાડો કર્યો છે.

પોલીસની રહેમરાહે દેશી-વિદેશી દારૂના અડ્ડા ધમધમી રહ્યા છે. પ્રોહીબીશનના કેસ બતાવવા ખાતર જ ખાખી વર્દી રેડના તાયફા કરતી હોવાન આક્ષેપ જગજાહેર છે. ત્યારે વડાલીના નવાંઘરાં વિસ્તારમાં ધુળાજી શકરાજી ખરાડીના રહેણાંક મકાન નજીકની ઓરડીમાં બિન્દાસ્ત રીતે દેશી દારૂ વેચાતો હોવાની અનેક ફરિયાદો છતાં સ્થાનિક પોલીસ કુંભકર્ણની નિંદ્રામાં પોઢતી રહી હતી. દરમ્યાન તા.૨૨ના રોજ દેશી દારૂના અડ્ડાથી ત્રસ્ત બનેલા સ્થાનિક રહીશોએ અડ્ડા બંધ કરવા માટે એકત્ર થઈ જનતારેડ કરતાં નવાંઘરાં વિસ્તારમાં હોબાળો મચી ગયો હતો. જનતારેડની જાણ થતાં સ્થાનિક પોલીસ પણ દોડતી થઈ હતી અને પ્રજાની સાથે રેડની કાર્યવાહી દરમ્યાન ઓરડીમાંથી દેશી દારૂનો જથ્થો જપ્ત કરી નાક બચાવવાનો પ્રયાસ કર્યો હતો. છેલ્લા ઘણા સમયથી સિવલ રોડ નજીકના વિસ્તારમાં દેશી દારૂનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. દારૂ ઢીંચીને દારૂડીયાઓ બેફામ બની રોડ ઉપર લથડીયાં ખાતા હોવા છતાં પોલીસ દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નહતી પરંતુ પ્રજાએ આક્રોશ સાથે જનતારેડનું આયોજન કરતાં ન છૂટકે પોલીસને પણ દેશી દારૂના અડ્ડા ઉપર છાપો મારવાની ફરજ પડ્યાના આક્ષેપ થઈ રહ્યા છે.

# જિલ્લાના ખેડૂતોને તમાકુની ખેતીમાં રસ જાગ્યો

### ૪૦૦૦ કરતાં વધુ હેક્ટર જમીનમાં તમાકુની ખેતી

બાયડ, તા. ૨૪

ચરોતરમાં થતી તમાકુની ખેતીમાં હવે સાબરકાંઠા, અરવલ્લી પંથકના ખેડૂતોને રસ



જાગ્યો છે. ખેતીમાં પરંપરાગત પાકના વાવેતરમાં વિષમ હવામાન અને ભેલાણથી ખેડૂતોને માઠું નુકસાન થતું હોય છે જેથી હવે ઈડર તાલુકાના લક્ષ્મણપુરા, ભિલોડા, વડાલી, હિંમતનગર અને મોડાસા તાલુકાના ખેડૂતો તમાકુની ખેતી તરફ વળ્યા છે. ખેતીની સીઝનમાં અંદાજીત ૪૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં તમાકુનું ધરૂ વાવી ખેતીનો આરંભ થયો છે.

મધ્ય ગુજરાતના ખેડા, આણંદ અને પેટલાદ સહિતના વિસ્તારોમાં મોટા પ્રમાણમાં ખેડૂતો તમાકુની ખેતી કરતા હોય છે. ખેડૂતોએ તમાકુને રોકડીયા પાક તરીકે એક રીતે અપનાવી લીધી છે. પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં જૂજ ખેડૂતો અત્યાર સુધી તમાકુનું વાવેતર કરતા હતા પરંતુ હવે બંને જિલ્લામાં પરંપરાગત ધાન્ય પાકની સાથે હવે ખેડૂતો તમાકુની ખેતી તરફ વળ્યા છે. તમાકુના વાવેતરમાં રોગચાળાથી નુક્સાન તેમજ વન્ય પ્રાણીઓથી ભેલાણ થતું ન હોવાના કારણે ખેડૂતોને પાક ઉત્પાદનમાં કોઈ નુક્સાન આવતું નથી જેથી વધુને વધુ ખેડૂતો આગામી સમયમાં તમાકુની ખેત તરફ વળી શકે છે. ઈડર તાલુકાના લક્ષ્મણપુરાના ખેડૂત બિપીનભાઈ પટેલે ૨ એકર જમીનમાં તમાકુના ધરૂની રોપણી કરી છે. તે જ રીતે જિલ્લામાં અન્ય ખેડૂતોએ પણ આ વખતે તમાકુ-૩ અને ૪ નંબરની જાતનું વાવેતર કર્યું છે. એકર દીઠ સરેરાશ ૫૦ થી ૭૦ મણ સૂકા તમાકુનાં પત્તાં લાગતાં હોય છે. ગત વર્ષે ખેડૂતોને પ્રતિ ૨૦ કીલો તમાકુના પાનમાં ૧૫૦થી ૨૦૦૦ ના ભાવ મળ્યા હોવાના કારણે અસંખ્ય ખેડૂતોને હવે તમાકુની ખેતીમાં વધુ રસ જાગ્યો છે. ભેલાણ અને રોગચાળાની ચિંતા તમાકુની ખેતીમાં રહેતી ન હોવાથી આગામી સમયમાં વધુને વધુ ખેડૂતો તમાકુની ખેતી તરફ વળે તો કદાચ નવાઈ નહીં હોય.

# બાયડમાં શ્રીરામ પરિવાર દ્વારા બે દિવસનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

### મુખ્ય-સહ પાટલા યજમાનો ઉપસ્થિત

બાયડ, તા. ૨૪

બાયડના ડીપ નજીક આવેલશ્રી વૈષ્ણોદેવી મંદિર, બાયડ ખાતે શ્રીરામ પરિવાર દ્વારા આયોજીત બે દિવસનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ બુધવારે વિદ્વાન બ્રાહ્મણોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. મુખ્ય-સહ પાટલા યજમાનો, ભક્તજનો ઉપસ્થિત રહ્યાં હતા. શ્રી ૧૦૦૮ શ્રી મહંત રામકુમારદાસ મહારાજ, ચોઈલા તથા લક્ષ્મણદાસજી મહારાજ-સીતારામ મહારાજની નિશ્રામાં તેનું આયોજન કરાયું હતું.

શ્રીરામ પરિવાર મૂર્તિના દાતા, દિલીપભાઈ જટાશંકર પંડ્યા, મીનાક્ષીબેન મહારાજાના જણાવ્યા અનુસાર શ્રી ૧૦૦૮ શ્રી મહંત રામકુમારદાસ મહારાજ ચોઈલાના આશિર્વાદથી શ્રીરામ પરિવારનો બે દિવસનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૩, ૨૪ નવેમ્બરના રોજ યોજાઈ ગયો.

પ્રથમ દિવસે કર્મ પ્રારંભ, નગરયાત્રા, સ્નપનકર્મ, બીજા દિવસે પ્રાતઃ પૂજન અને બપોરે ૧૨ કલાકે પ્રાણપ્રતિષ્ઠા યોજાઈ હતી. મૂર્તિદાતા ઉપરાંત ધજારોહણ, કળશ, બેલ, મંદિરની ગ્રીલ, પત્રીકા, ફૂલહાર, મીનરલ પાણી, મંડપ દાતા સહીતની ૧૦ રામ પરિવાર મંદિરના દાતા ભાઈલાલ સવજીભાઈ પટેલ, માધવકાંપા, ભૌતિક નરસિંહભાઈ પટેલ, મુખ્ય પાટલા યજમાન મીનાક્ષીબેન મહારાજા, દિલીપભાઈ જે. પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.




# કોના ડરથી અરજદારો રજૂઆત કરવા ફરક્યા જ નહીં..?? પોલીસ વડા તપાસ કરાવે

### બાયડ પોલીસ સ્ટેશનમાં વ્યાજખોરો સામેના જંગના લોક દરબારનો ફિયાસ્કો, અનેક અરજદારો પરંતુ માંડ આવ્યા..!!

બાયડ, તા. ૨૪

ગત સપ્તાહે બાયડ પોલીસ સ્ટેશનમાં ૪ પોલીસ સ્ટેશન હદમાં વ્યાજખોરોના ત્રાસથી અસરગ્રસ્તો માટે લોક દરબારનું આયોજન થયું પરંતુ માંડ ૨ અરજદારો આવ્યા હતા. જાણવા મળ્યા મુજબ વ્યાજખોરોના ત્રાસથી અનેક લોકો પરેશાન બન્યા હતા. અરજદારો અનેક હોવા છતાં પોલીસ સ્ટેશન સુધી માત્ર ગણ્યા ગાંઠ્યા અરજદારો કેમ પહોંચ્યા, કોના ડરથી અરજદારો રજૂઆત કરવા ફરક્યા જ નહીં..?? તેની જિલ્લા પોલીસ વડા દ્વારા તપાસ થાય તો અને ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી શકે છે.

જિલ્લામાં વ્યાજખોરોનો ત્રાસ વધ્યો છે તે જગજાહેર બાબત છે. વ્યાજખોરોના ત્રાસથી અનેક લોકોએ જીવન ટૂંકાવ્યું. કેટલાકે જીવન ટૂંકાવવાનો દેખાડો કરી બ્લેક મેઈલીંગ કરી પૈસા માંડવાડ કરાવી દીધા અને કેટલાક કિસ્સાઓમાં સોનાચાંદીના ઘરેણાં ગીરવે લેવાની સાથે મિલકત પણ પોતાના નામ પર કરાવી દીધાના અનેક દાખલા મોજૂદ છે. જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા વ્યાજખોરોના ત્રાસ ઉપર અંકુશ લાવવા લોક દરબાર શરૂ કરાયા છે તે આવકારવાદાયક બાબત છે. મોડાસા પછી બાયડમાં પણ વ્યાજખોરોના દમન ઉપર અંકુશ મેળવવા ગત સપ્તાહે બાયડ, સાઠંબા, આંબલિયારા અને ધનસુરા પોલીસ સ્ટેશનની હદમાં વ્યાજખોરોનો ત્રાસ સહન કરતા લોકોને નિર્ભયી બની રજૂઆત

● અનુસંધાન પાના - ૭ પર